# જીવલેણ રોગ: હડકવા

**ડૉ. સાગર એ. પટેલ, શ્રી રાકેશ એસ. પટેલ, ડૉ. જે. બી. ડોબરીયા**
**શ્રી બિપીન એમ. વહુનિયા, શ્રી શ્રેયાંસ એન. ચૌધરી**

હડકવાએ વિષાણુ દ્વારા થતો ખૂબ જ ગંભીર તથા જાનવરમાંથી મનુષ્યમાં ફેલાતો પ્રતિસંચારિત જીવલેણ રોગ છે. હડકવાને અંગ્રેજીમાં "રેબીસ" તરીકે ઓળખાય છે. આ રોગ વ્યકિતના ચેતાતંત્ર અને માનસતંત્ર પર હૂમલો કરે છે અને તેનો ચેપ મગજ સુધી પહોંચતા વ્યકિત મૃત્યુ પામે છે. આ વિષાણુ જન્ય રોગ રસીથી અટકાવી શકાય છે. હડકવાથી વિશ્વભરમાં દર વર્ષે ૫૯૦૦૦ લોકો મૃત્યુ પામે છે. આ રોગ ૧૫૦ થી વધુ દેશોમાં જોવા મળે છે. જેમાંથી ૯૫% જેટલા મૃત્યુ ફકત એશિયા અને આફ્રિકાના દેશોમાં જોવા મળે છે. કુલ મૃત્યુઆંકના ૯૯% તો ફકત હડકાયા કૂતરા કરડવાના લીધે થાય છે. વિશ્વભરમાં સૌથી વધુ હડકવાના કેસો ભારત દેશમાં થાય છે અને તેનું કારણ શેરી પરના હરતા-ફરતા કૂતરા છે. આ રોગના ૪૦% કેસો ૧૫ વર્ષથી નાના બાળકોમાં જોવા મળે છે કારણ કે બાળકોને કૂતરા જોડે રમવાની મઝા આવે છે. જેથી રમતી વખતે બાળકોને આ કૂતરા કરડવાથી આ રોગનો ભોગ બને છે. આમ છતાં અન્ય દેશોની જેમ ભારત દેશમાં હડકવાને એટલા ગંભીરતાથી લેવાતો નથી. હડકવાથી મરનાર લોકોના આંકડા જણાવેલ આંકડા કરતાં પણ વધુ હોય શકે.

સામાન્ય રીતે આ રોગનો ફેલાવો કરવામાં કૂતરા અને શિયાળ ખૂબ જ અગત્યનો ભાગ ભજવતા હોય છે. આ રોગ કૂતરામાંથી ગાય, ભેંસ, ઘેટાં, બકરાં વગેરેમાં આ રોગ ફેલાય શકે છે અને તેમાંથી મનુષ્યમાં આ રોગ ફેલાવાની શક્યતા રહેલી હોય છે.

હડકવાએ લાઈઝા નામના વિષાણુથી થતો રોગ છે, હડકવાએ માણસ અને અન્ય ગરમ લોહી વાળા પ્રાણીઓમાં થતો રોગ છે. આ રોગમાં ચેતાતંત્રને લગતા લક્ષણો, લકવો એટલે કે પેરાલીસીસ થાય છે. માણસમાં થતો હડકવા મુખ્ય રીતે પાણીથી ડરવું એટલે કે હાયડ્રોફોબિયા તરીકે જોવા મળે છે જેને સામાન્ય રીતે જલટંકા તરીકે ઓળખાય છે.

હડકાયા પ્રાણીની લાળમાં હડકવાના વિષાણુઓ હોય છે તે કરડવાથી લાળ દ્વારા ચેતાઓ મારફતે મગજ સુધી પહોંચે છે. હડકવાના લક્ષણો દેખાવાનો સમયગાળો હડકાયું પ્રાણી તંદુરસ્ત પશુના કે મનુષ્યના ક્યા ભાગ પર કરડયુ, કેટલો ઘા ઊંડો તથા લાળમાં વિષાણુની સંખ્યા



કેટલી તેના ઉપર આધાર રાખે છે. જો આ બધું મગજની નજીક હોય તો તે ખૂબ જ જલ્દી અસર કરે છે. આ વિષાણુ મગજની અંદર જઈને પછી જ દર્દી હડકાયો બને છે અને ત્યારબાદ ગમે તેટલી સારવાર કરો તોયે દર્દીનું મૃત્યુ થાય છે. હડકવાની રસીની શોધ ઈ.સ. ૧૮૮૫ માં વૈજ્ઞાનિયશ્રી લુઈસ પાશ્ચરે કરી હતી. વિશ્વમાં આ રોગની ગંભીરતાને ધ્યાનમાં લઈ દર વર્ષે ૨૮ મી સપ્ટેમ્બર "વિશ્વ હડકવા દિવસ" તરીકે ઉજવાય છે.

**રોગનો ફેલાવો:**

- કુતરા અને શિયાળ આ રોગના ફેલાવામાં મહત્વનો ભાગ ભજવે છે. આ ઉપરાંત ગાય, ભેંસ, ઘેટાં, બકરાં, બિલાડી, વાંદરા અને ચામાચિડિયા તથા અન્ય જંગલી પ્રાણીઓને આ રોગ થઈ શકે છે.
- હડકાયું જાનવર કરડે ત્યારે તેની લાળ દ્વારા વિષાણુ અન્ય પશુ કે માણસમાં ઘા મારફતે પ્રવેશે છે.
- હડકાયા પ્રાણીનું માંસ ખાવાથી પણ બીજામાં આ રોગ ફેલાય શકે.
- ચેપી પશુના કરડવાથી, ચાટવાથી, તેના નખ વાગવાથી, શ્વાસ દ્વારા અને શરીરના અવયવો પ્રત્યારોપણ દ્વારા પણ આ રોગ ફેલાય શકે છે.
- કૂતરાની સવર્ધનની ઋતુમાં નર કૂતરામાંથી માદા કૂતરીમાં આ વિષાણુ પ્રવેશી શકે છે.

**રોગ થવાથી અસર કરતાં પરિબળો:**

- શરીરમાં જે ભાગ પર કુતરા કરડ્યું હોય તેનું મગજથી અંતર.
- લાળમાં વિષાણુની સંખ્યા કેટલી?
- ઘાની કેટલી ઊંડાઈ ?
- ક્યું પશુ કરડેલું છે ?
- અસર પામેલા પશુની ઉંમર
- જો શિયાળ કરડે તો ઝડપથી અસર થાય છે.
- ચેતાતંત્રમાં પ્રવેશતા પેહલાં વિષાણુની સંખ્યામાં વધારો થાય છે.
- વિષાણુ ચેતાતંત્રને અસર કરતો હોવાથી તે લોહીમાંથી મેળવી શકાતો નથી.

**ચિન્હો:**

**પશુઓમાં જોવા મળતા લક્ષણો મુખ્યત્વે બે પ્રકારના હોય છે.**

**૧) ડમ્બ ફોર્મ (મુક અથવા લકવા પ્રકાર)**

**૨) મેનીયાક ફોર્મ (ઉત્તેજક અથવા ઘાતક પ્રકાર)**

- પશુ ખૂબ ઉગ્ર દેખાય

- તાવ આવે
- પશુને છૂટું મુકતા આમતેમ દોડાદોડી કરે છે.
- બાંધેલ જાનવર એક છેડેથી બીજા છેડે દોડાદોડી કરે છે. દિવાલ પર માથું ટેકવે અથવા ઘસે છે.
- હડકાયું પશુ માણસ પર હૂમલો કરે છે.
- મોઢામાંથી ખૂબ જ લાળ પડે છે.
- પશુ ખૂબ ભાંભરે છે તેમજ અન્ય પશુ પર કૂદકા મારે છે.
- ખોરાક લેવાની ક્ષમતામાં ઘટાડો થવો.
- વજન ઓછું થાય
- દૂધ ઉત્પાદન ઘટી જવું
- શરીરમાં ધ્રુજારી આવવી અને કાન મરડે
- ઈંટ, માટી, ખીલા અને ઝાડને બચકા ભરે છે.
- લકવાની અસર જણાય
- અવાજમાં ફેરફાર જણાય
- કૂતરું ખૂણામાં બેસી રહે અને સતત હાંફતું રહે છે.
- ગળાના સ્નાયુઓ લકવાગ્રસ્ત તથા પશુ પાણી–ખોરાક ના લઈ શકે.

**હડકાયા માણસના લક્ષણોઃ**

**૧. પ્રાથમિક લક્ષણો**

- તાવ આવવો
- માથું દુઃખવું
- વિચિત્ર વર્તન
- ઉગ્ર બની જવું
- નબળાઈ આવવી

**૨. હડકવા થયા પછીના લક્ષણો**

- બીજાને કરડવા દોડવું
- બચકા ભરવા
- ગુસ્સો આવવો
- વિચિત્ર વર્તન
- હિંસક વર્તન
- પાણીથી ડર લાગવો



- વધુ પ્રમાણમાં લાળ અને આંસુ પડવા
- લકવાની અસર થવી
- મોઢામાં લકવાને લીધે ખોરાક–પાણી ગ્રહણ ના કરી શકે.
- અવાજ કે સ્પર્શ પ્રત્યે સંવેદનશીલ બની જવું.

**હડકવાના લક્ષણો દેખાય પછી શું કરવું?**

- પશુને જાડી સાંકળ કે દોરડાથી મજબૂત ખીલા અથવા ઝાડના થડ સાથે બાંધી દેવું.
- તેની નજીક અન્ય પશુને બાંધશો નહિ તેમજ નજીક જવું નહિ.
- પશુની ઉપર પાણી રેડવું નહિ.
- પશુને ખવડાવવું નહિ તેમજ પાણી પણ નઈ પીવડાવવું
- પશુના સ્થળ નજીકનું સૂકુ ઘાસ, કચરો ભેગું કરીને બાળી દેવું.
- સ્થળને કપડાં ધોવાના પાવડર અથવા ફીનાઈલ વડે ધોઈ નાખવું.
- પશુની નજીક જવું હોય તો ચશ્માંનો ઉપયોગ કરવો.
- મૃત્યુ પામેલ પશુને ઊંડો ખાડો ખોદી દાટી દેવું જોઈએ.
- રસી મુકાવી જોઈએ.
- તેના દૂધ અને માંસનો ઉપયોગ ના કરવો જોઈએ.

**નિદાનઃ**

- આ રોગનું નિદાન ઈતિહાસ એટલે કે પશુપાલક કે અન્ય માણસ દ્વારા આપવામાં આવેલી પશુને કૂતરાં કરડવાની માહિતી પરથી થઈ શકે છે.
- આ રોગના કારણે પશુઓમાં જોવા મળતા ચિન્હો પરથી નિદાન કરી શકાય છે.
- જે પશુનું મૃત્યુ થયું હોય તેના મગજના નમૂનાઓના પરીક્ષણ દ્વારા નેગ્રીબોડીનું નિદાન કરવાથી આ રોગ વિશે જાણી શકાય છે.
- લાળ રસની ચકાસણી તેમજ આંખોના કોષ લઈ તેની ચકાસણી કરવાથી નિદાન થઈ શકે છે.
- એલીસા અને કોમ્પ્લીમેન્ટ ફિક્સેશન જેવા પરીક્ષણ પરથી પણ નિદાન થઈ શકે છે.

**ઉપચારઃ**

- જયારે પણ માણસ કે પશુને કૂતરું કરડે કે તરત જ એ ઘા કે ભાગને પાણી અને સાબુની મદદથી ધોઈ નાખવું જોઈએ.
- આલ્કલીનું દ્રાવણ વડે ઘાને સાફ કરવું જોઈએ જેથી વિષાણું પ્રમાણ

વધતું અટકે છે. આ માટે ખાવાનો સોડા અથવા ધોવાનો સોડા વડે ઘાને વહેતા પાણી નીચે બરાબર ઘા ને ધોવામાં આવે છે.

- ઘા પડ્યો હોય ત્યાં ટાંકા લેવા ના જોઈએ અને ત્યાં ટીંચર આયોડીન, સેવલોન, ડેટોલ જેવી દવાઓ લગાડી શકાય તેમજ ખાસ ધ્યાન રાખવું જોઈએ કે ઘા પર બળતરા થતી કોઈ દવા ના લગાડવી જોઈએ.
- પ્રાથમિક સારવાર કર્યા પછી ડોકટરની સલાહ મુજબ હડકવા વિરોધી રસી મુકાવવી જોઈએ.

**રસીકરણ:** વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ની ભલામણ મુજબ કૂતરું કરડયા પછી યોગ્ય/સમયસર ડોઝ ૦, ૩, ૭, ૧૪, ૨૧, ૨૮ અને ૯૦ માં દિવસે હડકવા વિરોધી રસી મુકાવવી જે ફાયદાકાર નીવડે છે.

**રોગ અટકાવવાના ઉપાયો:**

- આપણા દેશમાં દરેક જગ્યાએ હડકવાનો રોગ માણસમાં તથા પશુઓમાં થવા માટે ખાસ કરીને રખડતા કૂતરાં જવાબદાર છે. આ માટે રખડતા કૂતરાની વસ્તી ઘટાડવા માટે ખૂબ જ કડક પગલાં લેવા જોઈએ.
- જે લોકો કૂતરા પાળે છે તેઓએ કૂતરાને ફરજીયાત પણે રસી મુકાવવી જોઈએ. તેમજ બને ત્યાં સુધી પ્રિ–બાઈટ હડકવા વિરોધી રસી મુકાવવી જોઈએ.
- પાલતું કૂતરાને રખડતા કૂતરાથી દૂર રાખવાં જોઈએ.
- હંમેશા દૂધને ઉકાળીને અને માંસને પકવીને ખાવું જોઈએ.
- વિવિધ સંસ્થાઓ અને સરકાર મારફતે રખડતા કૂતરાના નિયંત્રણ માટે ખસીકરણ તેમજ રસીકરણની કામગીરી કરાવવી જોઈએ.
- જાનવરો સાથે કામ કરતાં પશુપાલકો, કતલખાનાના કામદારો, લેબોરેટરી ટેકનીશીયન તેમજ આ વ્યવસાય સાથે દરેક લોકોએ નિયમિત રસીકરણ કરાવવું જોઈએ.
- હડકવા થયેલ પશુના સંપર્કમાં આવેલ વ્યકિતએ તરત જ રસી મુકાવવી જોઈએ.
- લોકોને સ્વાસ્થ્ય શિક્ષણ આપવું જોઈએ જેથી એમને ખબર પડે કે હડકવા કઈ રીતે ફેલાય તેમજ શુ–શુ કાળજી રાખવી જોઈએ. તેમજ જાગૃતિ કાર્યક્રમ અને પત્રિકાની વહેચણી કરવી જોઈએ, જેથી સમાજમાં જાગૃતિ કેળવાય.

*****



ભાકૃ अनुप ICAR

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# જીવલેણ રોગ – હડકવા




## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર

**નવસારી કૃષિ યુનિવર્સિટી**

**વઘઈ – ૩૯૪૭૩૦**

Email:- kvkwaghai@nau.in

**વર્ષ : ૨૦૨૧ - ૨૦૨૨**

પ્રકાશન નં.૧૩૧/૨૦૨૧-૨૨